# ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨ દરમ્યાન કપાસના ભાવનો વરતારો

કપાસ ભારતનો એક મહત્વનો રોકડિયો પાક છે અને દેશના ઔદ્યોગિક અને કૃષિ અર્થતંત્ર ના વિકાસમાં ખુબજ મહત્વ નો ભાગ ભજવે છે. કપાસ ભારત તેમજ કેટલાક અન્ય ઘણા બીજા દેશોમાં પણ ખેડૂતોની આજીવિકાનો મહત્વનો સ્ત્રોત છે. કપાસનું ઉત્પાદન મુખ્યત્વે ચીન, બ્રાઝિલ, યૂ.એસ.એ., ઉજબેકિસ્તાન, પાકિસ્તાન, ગ્રીસ, આર્જેન્ટિના જેવા દેશોમાં થાય છે.

વૈશ્વિક સ્તરે કપાસનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન અનુક્રમે ૩૨૮ લાખ હેક્ટર અને ૧૪૯૮.૪૩ લાખ ગાંસડી (૧ ગાંસડી=૧૭૦ કિગ્રા) રહેવાની શક્યતા છે જેમાં ચીન ૩૫૨.૧૯ લાખ ગાંસડી સાથે પ્રથમ, ત્યારબાદ ભારત (૩૪૧.૯૦ લાખ ગાંસડી), યૂ. એસ. એ. (૧૬૭ લાખ ગાંસડી) અને બ્રાઝિલ (૯૮ લાખ ગાંસડી) નો સમાવેશ થવાની સંભાવના છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં વૈશ્વિક સ્તરે કપાસનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન અનુક્રમે ૩૨.૧ મિલિયન હેક્ટર અને ૧૫૩૯.૪ લાખ ગાંસડી રહેલ. જેમાં ચીન ઉત્પાદનમાં ૩૪૫ લાખ ગાંસડી સાથે પ્રથમ, ભારત ૩૧૨.03 લાખ ગાંસડી અને યૂ.એસ.એ. ૨૨૫ લાખ ગાંસડી સાથે અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે હતા.

વર્ષ ૨૦૨૨ દરમ્યાન ભારતમાં કપાસનો વાવેતર વિસ્તાર અંદાજે ૧૨૫.૬૯ લાખ હેક્ટર નોંધાયેલ અને ઉત્પાદન અંદાજે ૩૪૧.૯૦ લાખ ગાંસડી રહેવાની શક્યતા છે, જે વર્ષ ૨૦૨૧ દરમ્યાન ૧૧૭.૬૮ લાખ હેકટર અને ૩૧૨.03 લાખ ગાંસડી નોંધાયેલ. કપાસના પાકમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને તેલંગાણા મુખ્ય ઉત્પાદક રાજ્યો છે અને તેમનો અંદાજિત વાવેતર વિસ્તાર વર્ષ ૨૦૨૨-૨૩માં અનુક્રમે ૪૨.૨૯, ૨૫.૩૮ અને ૧૯.૭૨ લાખ હેક્ટર હતો. વર્ષ ૨૦૨૧-૨૨ની સીજન માટે કપાસના ટેકા ના ભાવ મધ્યમ અને લાંબા તાર માટે અનુક્રમે રૂ ૫૭૨૬ અને રૂ ૬૦૨૫ પ્રતિ ક્વિન્ટલ હતા. જે ખરીફ ૨૦૨૨-૨૩ માટે અનુક્રમે રૂ ૬૦૮૦ અને રૂ ૬૩૮૦ જાહેર કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કપાસનો વાવેતર વિસ્તાર અંદાજે ૨૫.૩૮ લાખ હેક્ટર રહેવાની શક્યતા છે, જે ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૨.૪૫ લાખ હેક્ટર હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં ઉત્પાદન અંદાજે ૯૧.૮૪ લાખ ગાંસડી થવાની સંભાવના છે, જે ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૩.૬૪ લાખ ગાંસડી નોંધાયેલ.

કોટન એસોશીએશન ઓફ ઈન્ડિયા મુજબ વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતમાં કપાસની કુલ ઘરેલુ માંગ ૨૫૦ લાખ ગાંસડી હતી અને બંધ સ્ટોક ૧૦૭.૫૦ લાખ ગાંસડી હતો જે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન અનુક્રમે ૩૩૮.૧૬ લાખ ગાંસડી અને ૭૧.૮૪ લાખ ગાંસડી રહેલ. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કપાસની ઘરેલુ માંગ અંદાજે ૩૧૫ લાખ ગાંસડી અને બંધ સ્ટોક ૪૭.૧૬ લાખ ગાંસડી રહેલ.

ભારત સરકારે કાચા કપાસની આયાત પરની તમામ કસ્ટમ ડયુટીની છૂટ ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૨ સુધી આપી છે. આ પગલાંને લીધે ટેક્સટાઇલ મિલોને વિવિધ દેશો માંથી કાચા કપાસની આયાત કરવામાં લાભ થશે. ગુજરાત સરકારના કૃષિ વિભાગના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૨-૨૩ માં કપાસના વાવેતર હેઠળ નો વિસ્તાર ૧૩ ટકા જેટલો વધવાની શક્યતા છે, જેનું કારણ વર્ષ ૨૦૨૧-૨૨ માં કપાસના વધુ ભાવ છે. આ તમામ પરિબળો ચાલુ સીજનમાં કપાસના ભાવને સ્થિર કરવામાં ખુબજ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ભારતમાંથી કપાસની નિકાસ ૪૦ લાખ ગાંસડી થયેલ જે વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૮ લાખ ગાંસડી હતી, જ્યારે આયાત વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦ લાખ ગાંસડી ની તુલનાએ વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને ૧૫ લાખ ગાંસડી રહેલ. કપાસનો ભાવ ગુજરાત રાજ્યમાં ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૧માં અનુક્રમે રૂ. ૭૦૯૪ અને રૂ. ૭૮૭૨ પ્રતિ ક્વિન્ટલ હતો, જે ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૦માં અનુક્રમે રૂ. ૪૭૩૦ અને રૂ. ૫૩૦૭ પ્રતિ ક્વિન્ટલ હતા. કપાસ નો ભાવ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન રૂ. ૯૯૪૬ પ્રતિ ક્વિન્ટલ હતો જે વધીને ઓગસ્ટ ૨૦૨૨માં રૂ. ૧૦૫૧૬ થયો અને સપ્ટેમ્બર ૨૦૨૨ માં રૂ. ૯૭૨૯ પ્રતિ ક્વિન્ટલ થયો હતો. આ ભાવ પાછલાં વર્ષના ભાવો કરતાં વધારે છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ઉત્પાદન ના અંદાજો ગત વર્ષ કરતાં ૨૫ ટકા વધારે છે અને કાપડની મિલો નો વપરાશ વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૯૪ લાખ ગાંસડી હતો જે ઘટીને વર્ષ ૨૦૨૧-૨૨ માં ૨૮૫ લાખ ગાંસડી થયો હતો. મિલો માં કપાસની ઓછી માંગનું મુખ્ય કારણ, વૈશ્વિક સ્તરે હાલની પરિસ્થિતિ પ્રમાણે કપાસના ભાવમાં થતાં ફેરફાર અને તેની અસર ભારતીય બજારોમાં કપાસના ભાવ પર પણ થતી હોવાથી મિલ માલિકો ઊંચા ભાવે કપાસની ખરીદી કરવા કરતાં ભાવ ઘટાડા ની રાહ જોઈ રહ્યા છે.

ઉપરોક્ત ઉત્પાદન, આંતરાષ્ટ્રીય બજાર અને સ્થાનિક બજારો ની વિગતોને ધ્યાને લઈને સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ માર્કેટ ઇન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યના કપાસના મુખ્ય બજાર રાજકોટના માર્કેટ યાર્ડના કપાસના છેલ્લા ૧૮ વર્ષના માસિક ભાવોનું વિશ્લેષણ કરેલ છે જેના તારણ પરથી અનુમાન છે કે કપાસનો ભાવ **ઓકટોબર-નવેમ્બર ૨૦૨૨માં રૂ. ૮૫૦૦ થી ૧૦૫૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧૭૦૦ થી ૨૧૦૦ પ્રતિ ૨૦ કિગ્રા)** રહેવાની સંભાવના છે. કાપડની મિલોમાં માંગ અને કપાસની નિકાસમાં વધારો થવાની સંભાવનાના લીધે કપાસના ભાવ ભવિષ્યમાં વધી શકે છે.

*નોંધ: આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ફેરફાર, નિકાસ અથવા આયાત પ્રતિબંધો વગેરે જેવા કોમોડિટી બજારોમાં નવા પરિવર્તનો ને કારણે આગાહી કરેલા ભાવો કરતાં વાસ્તવિક ભાવોમાં ફેરફાર થઈ શકે છે. ભાવોનો આ અંદાજ અગાઉના વર્ષોના માસિક ભાવોનું વિશ્લેષણ અને આંકડાકીય મોડેલોના તારણ પરથી કરેલ છે તેથી વાસ્તવિક બજાર ભાવ અને આગાહી કરેલા ભાવ સમાન ન પણ હોઈ શકે.*